## વાત-વાતમાં.....

- શહેરના જાણીતા તબીબ ડૉ. જયેશ શાહ અને જાણીતા પેથોલોજીસ્ટ મહેન્દ્રભાઈ ગજ્જર સમેત શિખરની યાત્રાએ ગયા છે.
- ગાંધીનગરના જાણીતા જ્યોતિષી અંબારામ દા. પટેલ આજે ગુજરાતી ચેનલોમાં લગભગ તમામમાં હવામાનની આગાહીને લઈ ચર્ચા કરતા જોવા મળ્યા હતા.
- સહાયક માહિતી નિયામક દિલીપભાઈ ગજ્જરે આજે લાંબા સમય બાદ એક દિવસની સી.એલ. રજા પર ગયા હોવાથી માહિતી નિયામકની કચેરીમાં ચર્ચાનો મુદ્દો હતો.
- ૧૯મીએ પલ્સ પોલિયો અભિયાનને લઈ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે ટાસ્કફોર્સની બેઠક મળી હતી.
- સ્વામિનારાયણ હાઈસ્કૂલના પૂર્વ પ્રિન્સિપાલ ભાઈલાલભાઈ પટેલ ઘરમાં લપસી પડતાં પગે ઈજાઓ થઈ છે તે હાલ શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, ઉતરાયણમાં આંખ માટે ગોગલ્સ પહેર્યા હતા તો આંખ બચી ગઈ, આંગળીમાં કેપ પહેરી હતી, તડકા માટે ટોપી પહેરી પરંતુ કાન ભુલાઈ ગયા... ડી. જે.ના સાઉન્ડ સાંભળીને દુખવા લાગ્યા છે...!!

# વડીલોને મોજ સાથે રાહતની અનુભૂતિ કરાવતો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

આજના સુક્ષ્મ પરિવારોમાં વહેંચાઈ જતા યુગમાં વડીલ હોવું એ પણ એક મુશ્કેલ સ્થિતિ સમાન બનતું જાય છે કેમકે એકલતા, વિધુરતા કે વૈધવ્ય, પારિવારિક કે સામાજિક વડીલોને તણાવ મુક્ત કરવાના ઉદ્દેશથી યોજવામાં આવેલા એક કાર્યક્રમમાં ગાંધીનગરની વી-કેર ફાઉન્ડેશન સંસ્થાના સંસ્થાપક જે.સી. પટેલ દ્વારા વડીલોને ગીતા જ્ઞાન, મિમિક્રી, લાફીંગ યોગ, તણાવ મુક્તિ, સંગીત-



ઉપેક્ષા કે અસાધ્ય બિમારી જેવા કારણોસર વડીલ વર્ગમાં પણ માનસિક તણાવની સ્થિતિ જોવા મળી રહી છે.

તાજેતરમાં પ્રાંતિજ નજીકના સાંપડ યાત્રાધામ ખાતે મનુભાઈ પટેલ પરિવાર દ્વારા ખુરશી તથા ધ્યાન વગેરેને આવરી લેતો એક વૈવિધ્યસભર કાર્યક્રમ પીરસવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વડીલોએ ઉપસ્થિત રહી મોજ કરવા સાથે રાહતની અનુભૂતિ કરી હતી.

# લીહોડા-ગાયત્રી વિદ્યામંદિર ખાતે ક્ષયરોગ અંગે માર્ગદર્શન શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૧૬

જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર અને તાલુકા આરોગ્ય કચેરી દહેગામના



સંયુક્ત ઉપક્રમે શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે ક્ષયરોગ(ટીબી) અને કુષ્ઠરોગ વિશે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને રોગના લક્ષણો, તેનાથી બચવા માટે રસીકરણ તેમજ દર્દીઓની સારવાર માટે આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ વિશે વિગતે જાણકારી આપી હતી.




## મહારાષ્ટ્રમાં યોજાયેલી રસ્સાખેંચ સ્પર્ધામાં ગુજરાતની ભાઈઓની ટીમ ચેમ્પિયન

એક ભારત-શ્રેષ્ઠ ભારત-ભારત સરકાર રમત-ગમત મંત્રાલય અને ટગ ઑફ વૉર ફેડરેશન ઑફ ઈન્ડિયા ન્યુ દિલ્હીના સંયુકત ઉપક્રમે યોજાયેલ ઝોન-૩ રસ્સાખેંચ સ્પર્ધા મહારાષ્ટ્રના નાંદેદમાં યોજાઈ હતી. જેમાં ૭૨૦ કિ.ગ્રા. વજન કેટેગરી ભાઈઓમાં ગુજરાતની ટીમ ચેમ્પીયન બની અને ૫૬૦ કિ.ગ્રા. વજન કેટેગરી બહેનોમાં ગુજરાત રનર્સઅપ બની ગુજરાત રાજયનું અને ગુજરાત રાજય ટગ ઑફ વૉર એસોસિએશનું નામ રોશન કર્યું છે. બંને ટીમોનું નેતૃત્વ એસોસિએશનના સેક્રેટરી રાજુભાઈ પટેલ કરી રહ્યા છે. વિજેતા ખેલાડીઓને પ્રમુખ ડૉ. અશોકભાઈ રાવલ અને રાજુભાઈ પટેલે અભિનંદન સહિત શુભેચ્છા પાઠવી હતી.

# ભાજપની નિષ્ફળતાથી મોંઘવારી બેકાબુ બની છે : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૧૬

અચ્છે દિનના વાયદા કરી સત્તામાં આવેલ ભાજપ સરકાર પર આજે મોંઘવારીના મુદ્દે કોંગ્રેસના અગ્રણી નિશીત વ્યાસે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે રાજ્યમાં તેલના વધી રહેલા ભાવોને લઈ રાજ્યના પુરવઠામંત્રીના રાજીનામાની પણ માંગ કરી હતી.

દેશમાં મોંઘવારીનો આંક જે રીતે વધી રહ્યો છે તેનાથી ગૃહિણીઓ જ નહિ પણ લાખો પરિવારોનું બજેટ ખોરવાયુ છે. શાકભાજી, ફ્રુટ્સ તેમજ તેલ, વિવિધ દાળના ભાવોમાં ૧૨ થી ૪૦ ટકા સુધીનો ભાવ-વધારો નોંધાયા પછી સરકાર આ મુદ્દે મૌન ધારણ કરી બેઠી છે.

બેકાબુ બનેલ મોંઘવારીમાં સિંગતેલ, કપાસિયા, પામોલીન તેલની આગ ઝરતી તેજીએ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. આ માટે સરકારની અણ આવડત વધુ જવાબદાર છે તેમ પણ વ્યાસે કહ્યુ હતુ. પેટ્રોલનો ભાવ પણ રૂ. ૭૩ છે. સરકાર માત્ર ગરીબોના ખિસ્સાઓ ખંખેરવા સિવાય કોઈજ કાર્ય નહિ કરતી હોવાનો આક્ષેપ પણ વ્યાસે આજે કર્યો છે.

# છાલા પાસેથી કારમાંથી વિદેશી દારૂ ઝડપી પાડતી એસઓજી પોલીસ

ગાંધીનગર, તા.૧૬

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર છાલા ગામ પાસેથી વિદેશી દારૂ-બિયર ભરેલી કારને એસઓજી પોલીસે પકડી પાડી છે. પોલીસે ૨૫૨ બોટલ દારૂ અને ૧૯૨ બિયરના ટીન સહિત કુલ રૂ.૪.૨૫ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શનમાં તેમની ટીમ ચિલોડા પંથકમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હે.કો.દેવેન્દ્રસિંહને હિંતમનગર તરફથી આવી રહેલી કાર અમદાવાદ જઈ રહી છે અને અમદાવાદ પાર્સિંગની કારમાં દારૂ હોવાની બાતમી મળી હતી. જેને પગલે એસઓજી પોલીસે કાનપુર પાસે વોચ ગોઠવી હતી. જેથી બાતમીવાળી કાર નં.જી.જે.૦૧. આર.ઈ.-૬૭૯૪ નંબરની કાર ઉભી રખાવીને તેમાં રહેલા બે શખ્સોનું નામ પુછતા રાજસ્થાનના સંલુમ્બર તાલુકાના બસ્સી ગામના શંકરલાલ નારણભાઈ જોશી ઉં.વ.૩૯ અને દિપક લલિતભાઈ જોશી ઉં.વ.૨૫ હોવાનું સામે આવ્યું હતું. પોલીસને કારમાંથી વિદેશી દારુની ૨૫૨ બોટલ અને ૧૯૨ બિયરના ટીન મળી આવ્યા હતા. જેથી પોલીસે ૧.૨૦ લાખનો દારૂ, બે મોબાઈલ, કાર મળી કુલ રૂ.૪.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એસઓજી પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા તેની પુછપરછ કરતા આરોપીએ રાજસ્થાનના ભરત ઉદાજી ડાંગી, સકાજી ઉર્ફે સુખલાલ રૂપાલાલ ડાંગી, ચિરાગ પંચોલી, ગણેશ લીલારામ ગામેતીએ દારૂનો જથ્થો ભરીને આપ્યો હતો અને અમદાવાદ ગોતા પાસે જઈને ફોન કરવાનું કીધુ હતું. એસઓજી પોલીસે તમામ સામે પ્રોહિ એક્ટ મુજબ ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.




ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા આજે સે. ૨૪ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે આરોગ્ય વિભાગની સેવાઓ અંગે જન સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં કાઉન્સીલરો અંકિત બારોટ, નીલાબેન શુકલા અને આરોગ્યના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત હતા.

# સુરક્ષા જવાન અને સુરક્ષા સુપરવાઈઝરની ભરતી જોગ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા પરિષદ નવી દિલ્હી અને સિક્યોરીટી ઈન્ટેલીજેન્ટ સર્વિસ ઈન્ડિયા લિ.ના સહયોગથી ગાંધીનગર જિલ્લામાં ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ૧૭મી જાન્યુઆરી આઈ.ટી.આઈ, આરસોડિયા, કલોલ ખાતે, ૧૮મી જાન્યુઆરીના રોજ આઈ.ટી.આઈ. માણસા, ૨૦મી જાન્યુઆરીના રોજ આઈ.ટી.આઈ. દહેગામ, ૨૧મી જાન્યુઆરીના રોજ રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર, સી-વિંગ, પ્રથમ માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરીના રોજ મહાસુખલાલની વાડી, ભારત પેટ્રોલ પંપ સામે, દહેગામ અને ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સર્વોદય છાત્રાલય, માણસા-માણેકપુર રોડ, એસ.આઈ.એસ. ટ્રેનીંગ સેન્ટર માણસા ખાતે ભરતી મેળો યોજાશે. તમામ ભરતી મેળા સવારના ૧૦ કલાકથી સાંજના ૪ કલાક દરમ્યાન યોજાશે.

આ ભરતી મેળામાં ભાગ લેનાર ઉમેદવારોની ઉંમર ૨૦થી ૩૬ વર્ષ, ધોરણ- ૧૦ નાપાસ/પાસ, ઉંચાઈ ૧૬૮ સે.મી, વજન ૫૨ કિલોગ્રામ અને શારિરીક તંદુરસ્ત હોવું જરૂરી છે. પાસ થનાર ઉમેદવારને રીજનલ ટ્રેનીંગ સેન્ટર માણસામાં આપીને સિકયોરીટી ઈન્ટેલીજન્ટ ઈન્ડિયા લિ. માં ૬૫ વર્ષ માટે કાયમી નિમણુંક આપવામાં આવશે. પગાર ધોરણ ૧૦ હજાર થી ૧૫ હજાર સુરક્ષા જવાન અને સુપરવાઈઝર માટે ગ્રેજ્યુએટ લાયકાત હોવી જોઈએ. તેનો પગાર ધોરણ- ૧૫ થી ૨૦ હજાર અન્ય સુવિધા પગારમાં વધારો, પ્રમોશન, પી.એફ. ઈ.એસ.આઈ. દ્વારા મેડીકલ સુવિધા, બોનસની સુવિધા, ગ્રેજયુટી ઈન્સયોરન્સ આપવામાં આવશે, તેવું એસ.આઈ.એસ. ટ્રેનિંગ સેન્ટર માણસા, ગાંધીનગરના ભરતી અધિકારીએ જણાવ્યું છે.

## ઉત્તરાયણ બાદ પક્ષી બચાવો અંતર્ગત કાતિલ દોરી-ફાટેલા પતંગો એકત્રિત કરી હોળી કરી નાશ કર્યો

ચિલોડા, તા.૧૬

પશુ-પક્ષી-માનવ કલ્યાણ ટ્રસ્ટ ઈસનપુર મોટાના પ્રમુખ મહેશભાઈ પટેલ તથા મંત્રી રમેશભાઈ પટેલ અને સેવાભાવી જીવપ્રેમી કાર્યકરોના સહયોગથી ‘જીવદયા’ના ભાગરૂપે પક્ષી બચાવો કરૂણા અભિયાન અંતર્ગત ઉત્તરાયણ પર્વે પતંગરસિકો દ્વારા કાતિલ દોરી-ફાટેલા પતંગો એકત્રિત કરી હોળી કરવામાં આવી હતી. વાસી ઉત્તરાયણ પુરી થયા બાદ સાંજે અગાસી પર કે ઘરની આજુબાજુ, રસ્તામાં પડેલ દોરીના ટુકડા કે ગુંચોને એકત્રિત કરી સળગાવી દઈને સારા સત્કાર્યના ભાગીદાર થવા બદલ અભિનંદન પાત્ર બન્યા છે.



# ઊર્જાના સૌથી વધુ સ્ત્રોત ધરાવતો દેશ જ વિકાસ સાધી શકે છે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતને તેલ અને ગેસ સંરક્ષણ જાગરૂકતા અભિયાન અંતર્ગત અમદાવાદ ખાતે સંરક્ષણ ક્ષમતા મહોત્સવ-સક્ષમ ૨૦૨૦નું ઉદઘાટન કરતાં જણાવ્યું હતું કે, આજે વિશ્વભરનો વિકાસ પેટ્રોલિયમ પેદાશોને આધારિત છે ત્યારે ઉર્જાનો સૌથી વધુ સ્ત્રોત ધરાવતો દેશ જ શ્રેષ્ઠ વિકાસ સાધી શકશે.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પેટ્રોલિયમ પેદાશોના વપરાશ જો વર્તમાન ઝડપે ચાલુ રહેશે તો દેશનાં તેલ ભંડારો ૩૦-૪૦ વર્ષમાં ખૂટી જશે જેનું દબાણ દેશના આર્થિક ક્ષેત્રને સહન કરવું પડશે.

તેમણે જણાવ્યું હતું કે ભારત દેશ દુનિયાનો સૌથી વધુ પેટ્રોલિયમ પેદાશોનો વપરાશ કરનારો વિશ્વનો ત્રીજા નંબરનો દેશ છે અને મોટાભાગનું ખનીજ તેલ આયાત કરવું પડે છે જેના કારણે ભારતે મોટા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણની ચુકવણી કરવી પડે છે. દેશનો પ્રત્યેક નાગરિક ખનીજ તેલ અને પેટ્રોલિયમ પેદાશોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે તો આ વિદેશી હૂંડિયામણની બચત થઈ શકશે એ રીતે દેશના નાગરિકો રાષ્ટ્રના વિકાસમાં પોતાનો યતકિંચિત સહયોગ આપી શકશે.

રાજ્યપાલશ્રીએ ખનીજ તેલ અને ગેસ વપરાશ અંગે જણાવ્યું હતું કે દેશમાં મુખ્ય ચાર ક્ષેત્રો એવા છે જે અધિક માત્રામાં ખનીજ તેલ અને ગેસનો ઉપયોગ કરે છે. આ ચાર ક્ષેત્રો છે પરિવહન, ઉદ્યોગો, ઘરેલુ કાર્યો અને કૃષિ. આ ચારેય ઉદ્યોગ ક્ષેત્રોમાંથી દેશની કુલ પેટ્રોલિયમ વપરાશ ૫૪ ટકા ઉપયોગ પરિવહન ક્ષેત્ર દ્વારા થાય છે. ઉદ્યોગો દ્વારા કુલ વપરાશનો ૨૦થી ૩૦ ટકા પેટ્રોલિયમનો વપરાશ થાય છે. આવી જ સ્થિતિ કૃષિ અને ઘર વપરાશમાં પણ છે.

# પુન્દ્રાસણ ગામે મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામે મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે મકાનમાંથી વિદેશી દારૂની ૨૦૪ બોટલ ઝડપી પાડી હતી. પોલીસે બનાવ અંગે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં પીએસઆઈ ડી.એસ.રાઓલ ટીમ સાથે પેટ્રોલીંગમા હતા તે દરમિયાન હે.કો.લતીફખાનને પુન્દ્રાસણના ચરાવાસમાં રહેતા રમેશજી ઉર્ફે ચકાજી કાળાજી ઠાકોર વિદેશી દારૂનો વેપાર કરે છે. જેને પગલે પોલીસે રેઈડ પાડતા આરોપી ઘરે મળી આવ્યો ન હતો. ઘરમાં તપાસ કરતા રૂમમાં પતરાના પીપમાંથી વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૭૮ હજારની ૨૦૪ બોટલ જપ્ત કરી આરોપી સામે પેથાપુર પોલીસ મથકે પ્રોહિ એકટ મુજબ ગુનો દાખલ થયો છે. પોલીસે રમેશજી ઠાકોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# સફાઈ કામદાર આયોગના અધ્યક્ષ ૨૩મીએ ગાંધીનગર આવે છે

ગાંધીનગર, તા. ૧૬

સફાઈ કામદાર આયોગના ચેરમેન મનહરભાઈ ઝાલા આગામી ૨૩મી જાન્યુઆરીના રોજ ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.

તેઓ તેમના આ પ્રવાસ દરમ્યાન સફાઈ કામદારોના પ્રશ્નો અંગે ખાસ કરીનો ગાંધીનગર મહાનગપાલિકા અનો જિલ્લાની ચાર નગરપાલિકાના અધિકારીઓ તેમજ જિલ્લાના અન્ય અધિકારીઓ સાથે સમીક્ષા કરશે.

ગાંધીનગર સરકીટહાઉસ ખાતે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે ફરજ દરમ્યાન જિલ્લામાં છ સફાઈ કામદારોના મોત થયા હતા તેમના પરિવારજનોને રૂ. દસ લાખની સહાય ચુકવવામાં આવી છે તેની જાણકારી મેળવશે ઉપરાંત સફાઈ કામદારોના અન્ય પ્રશ્નો અંગે તંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાંઓની જાણકારી પણ મેળવશે.

## ખૂણેખાંચરેથી

- શહેરમાં અબોલ પક્ષીઓની સુરક્ષા માટે ઉત્તરાયણ પર્વ બાદ ધાબા, ઝાડ કે થાંભલા અથવા ચેનલોના વાયર પર પતંગની લટકતી દોરી તથા તેના ગૂંચડાને દૂર કરવા અંગે જાગૃતિ ફેલાવતા સંદેશા શે’ર કરવામાં આવી રહ્યાં છે જેને અનુલક્ષીને ઘણી સોસાયટીઓમાં આ માટે રહીશો સાથે મળીને અભિયાન પણ ચલાવી સફાઈ કરી રહ્યાં છે. વળી, આ નકામી દોરીના ગૂંચડાને દૂર કરવા કેટલાક સેવાભાવીઓ દ્વારા કિલોના રૂ. ૨૫ થી માંડીને રૂ. ૧૦૦ની ઓફરો પણ કરવામાં આવી રહી છે.
- ગાંધીનગરના સેકટર-૧૧માં વણઝારા સમાજની ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં લાઈવ કોમેન્ટ્ર સાથે ખેલાડીઓના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ જેવા ડ્રેસીંગ મેદાન નજીકથી પસાર થતા વાહનચાલોકમાં કૌતુક જગાવી રહ્યાં છે.
- લો, બોલો હવે તો ચોરો દુકાનના ગલ્લામાં રાખેલુ થોડુ પરચુરણ પણ છોડતા નથી. ગાંધીનગર નજીકના શેરથામાં એક કરિયાણાની દુકાનનું શટર તોડીને ચોરોએ ગલ્લામાં રાખેલા એક હજારના પરચૂરણની ચોરી કરી હતી.

# સે. ૨૮ની ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓના સંશોધનને પેટન્ટ ઓફિસનું પ્રકાશન મળ્યું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની સેકટર-



૨૮ની સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સંશોધિત “ક્રાંતિકારી બિન લોહ ધાતુ પીગાળવાની નવીનતમ ભઠ્ઠી-આરએનઆઈએફ”ને ભારતીય પેટન્ટ ઓફિસ દ્વારા પ્રકાશન પ્રાપ્ત થયું છે. આ સંશોધન વિદ્યાર્થીઓ દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન એસએસઆઈપી કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું છે. જેણે ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

સે. ૨૮ની સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ આરિફ મનસુરી, શશી શેખર, અર્પણા શ્રીવાસ્તવ અને અપુર્વા ચવ્હાણ દ્વારા રિવોલ્યુશનરી નોન ફેરસ ઈનોવેટરી ફર્યુન્સ”નું સંશોધન તેમના મેટલર્જી વિભાગના પ્રાધ્યાપક પ્રો. દેવાંગ મહંતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સંશોધનને એસએસઆઈપી કાર્યક્રમ અંતર્ગત કરીને ભારતીય પેટન્ટ ઓફિસ ખાતે મોકલી આપવામાં આવતા પેટન્ટ ઓફિસ દ્વારા તેને તા. ૩૦મી ઓગષ્ટ ૨૦૧૯ના રોજ પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આ એક એવુ સંશોધન છે કે ફાઉન્ડ્રી ઉદ્યોગમાં ૬૦ થી ૭૦ ટકા સુધીની ઊર્જાની બચત કરી ધાતુને પીગળાવે છે જેના કારણે સમય અને કાર્યશ્રમની પણ બચત થાય છે જે લઘુ એકમો માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. ગુજરાત રાજ્ય સરકારની એસએસઆઈપી યોજના અંતર્ગત પસંદગી પામેલા આ પ્રોજેકટને ડૉ. કે.જી. મારડિયા તથા મેટલર્જી વિભાગના હેડ ડૉ. આઈ.બી. દવેનું પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને તથા લાગતા વળગતા જોગ જણાવવાનું કે જત ડીસ્ટ્રીક્ટ સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા ગાંધીનગરના મોજે ગામ રાજપુરના રેવન્યુ સર્વે નં. ૫૪ (જુના સર્વે નં. ૬૨/૧)ના કુલ ક્ષેત્રફળ ૦-૪૩-૩૨ હે.આરે.ચો.મી.ના કુલ આકાર રૂ. ૧.૯૦ પૈસાની ખાતા નંબર ૨૨૦નું ખેતર નામે ‘ટાચક, પસાયતુ’ની બિનખેતી પ્રિમીયમને પાત્ર વાળી ખેતીની જમીન (૧) મહેશકુમાર સોમાભાઈ પટેલ તથા (૨) સુરેશકુમાર પ્રતાપજી ઠાકોરના સહ-સબજા ભોગવટાની કુલ સ્વતંત્ર સહ-માલિકી હક્કની જમીન જે સંપૂર્ણ બોજા રહિત હોવાનું જણાવે તેઓએ સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. તેથી સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા, નિગમ કે બેંકનો કોઈપણ પ્રકારનો બોજો, ગીરો, ચાર્જ કે લાગભાગ, હક્ક, હિસ્સો કે હિત સંબંધ દાવો, અલાખો કે ખોરાકી, પોશાકીનો હક્ક, ઈઝમેન્ટ, બાનાખતના હક્કો, લીઝ એન્ડ પેન્ડન્સી, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત કે હિસ્સો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિત પુરાવા સાથે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ હક્ક, હિસ્સો કે હિત સંબંધ દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન કે કબજા ભોગવટો વિગેરે હોય તો તેવા તમામ હક્કો અને વાંધાઓ ઉપરોક્ત માલિકીની તરફેણમાં હરહંમેશ માટે જતા યાને વેઈવ કરેલ છે તેમ સમજીને ઉપરોક્ત જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૭/૧/૨૦૨૦ — માર્મિક એ. ઠક્કર (એડવોકેટ)

૨૦૧, હિમાલયા એમરલ્ડ, આઈ.ઓ.સી. પેટ્રોલ પંપ પાસે, શ્યામલથી શિવરંજની ચાર રસ્તા, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫